Shree Somnath Sanskrit University
(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir-Somnath (Gujarat)
Phone : 02876 - 244532 Fax : 02876 - 244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.sssu.ac.in

Ref. No. સસયુ/અભ્યાસક્રમ/૧૪૮૬/૨૧ Date : તા.૧૧/૦૮/૨૦૨૧

પ્રતિશ્રી,
પ્રધાનાચાર્યશ્રી,
સર્વ સંસ્કૃત મહાવિદ્યાલય,
ગુજરાત રાજય

વિષય :–શાસ્ત્રી તથા આચાર્ય કક્ષાનાં સેમેસ્ટર ૧નો નવો તૈયાર કરેલ અભ્યાસક્રમ મોકલવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી શાસ્ત્રી પ્રથમ વર્ષ તથા આચાર્ય પ્રથમ વર્ષનાં સેમેસ્ટર ૧નો નવો અભ્યાસક્રમ સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને સત્તામંડળમાં મંજૂર કરવામાં આવેલ છે.

આ અભ્યાસક્રમ શાસ્ત્રી પ્રથમ વર્ષ તથા આચાર્ય પ્રથમ વર્ષનાં સેમેસ્ટર–૧માં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં મુકવાનો થાય છે આ સાથે આપને મોકલી આપવામાં આવેલ નવો અભ્યાસક્રમ લાગુ પડશે. આ અભ્યાસક્રમ સાથે જરૂરી સુચના મોકલી આપવામાં આવે છે જે સુચનાને ધ્યાને લઈ અભ્યાસક્રમ લાગુ પાડવો.

શાસ્ત્રી દ્વિતીય વર્ષનાં સેમેસ્ટર ૩ તથા ૪ તેમજ શાસ્ત્રી તૃતીય વર્ષનાં સેમેસ્ટર ૫ અને ૬માં તેમજ આચાર્ય દ્વિતીય વર્ષનાં સેમેસ્ટર ૩ તથા ૪ માં ગત વર્ષોમાં જે અભ્યાસક્રમ હતો તે જ ભણાવવાનો રહેશે.

વિશેષમાં આ સાથે મોકલી આપેલ અભ્યાસક્રમમાં જો પ્રધાનાચાર્યશ્રી તથા અધ્યાપકશ્રીને કોઈ વિસંગતતા હોય તો આ અંગે સત્વરે દિન–૫માં અત્રે જાણ કરશો જેથી તે અંગે આગળની કાર્યવાહી કરી શકાય.

આભાર સહ,

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ

બિડાણ :–

(૧) નવો અભ્યાસક્રમ શરૂ કરવા માટેની જરૂરી સૂચના.
(૨) શાસ્ત્રી પ્રથમ વર્ષ સેમેસ્ટર–૧નો નવો અભ્યાસક્રમ
(૩) આચાર્ય પ્રથમ વર્ષ સેમેસ્ટર– ૧નો નવો અભ્યાસક્રમ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
## શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી નવા અભ્યાસક્રમ અંગેની જરૂરી સુચના

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા આગામી જૂન–૨૦૨૧થી શાસ્ત્રી/આચાર્ય કક્ષાનો અભ્યાસક્રમ રીવાઈઝ કરી અમલમાં મૂકવાનું નક્કી કરવામાં આવેલ છે. આ બાબતને તા.૧૫/૦૭/૨૦૨૧ની એકેડેમીક કાઉન્સિલ તથા તા.૧૯/૦૭/૨૦૨૧ની એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકમાં બહાલી મળેલ છે.

કેન્દ્ર સરકારશ્રીની નવી શિક્ષણ નીતિને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી સાથેની ડીનશ્રીઓની બેઠકમાં નક્કી થયા મુજબ શાસ્ત્રી /આચાર્ય કક્ષામાં નીચે મુજબનાં ફેરફારો કરવામાં આવેલ છે. જે મુજબ દરેક મહાવિદ્યાલય/કોલેજે વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવાનું રહેશે.

### – : શાસ્ત્રી કક્ષા :–

(૧) ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી ફકત શાસ્ત્રી પ્રથમ વર્ષમાં (જુન–૨૧) થી પ્રથમ સેમેસ્ટરથી જ નવા અભ્યાસક્રમનું અધ્યયન કરાવવાનું રહેશે. શાસ્ત્રી દ્વિતીય અને તૃતીય વર્ષમાં અગાઉ જે ૨૦૧૭માં અમલમાં મુકવામાં આવેલ અભ્યાસક્રમ છે, તેમનું અધ્યયન કરાવવાનું રહેશે. નવો અભ્યાસક્રમ ક્રમશઃ અમલમાં આવશે.

(૨) શાસ્ત્રી કક્ષામાં ગત વર્ષોની જેમ કુલ ૭ પેપર જ રાખવામાં આવેલ છે તેમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

(૩) શાસ્ત્રી કક્ષામાં આવતા અનિવાર્ય પેપરમાં શાસ્ત્રીનાં પ્રથમ બંને સેમેસ્ટરમાં વ્યાકરણનાં અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવેલ છે. જયારે શાસ્ત્રી દ્વિતીય વર્ષનાં બંને સેમેસ્ટરમાં આવતા સાહિત્ય વિષયના અભ્યાસક્રમમાં તેમજ શાસ્ત્રી તૃતીય વર્ષમાં આવતા દર્શનના વિષયના અભ્યાસક્રમમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી તે યથાવત રાખેલ છે.

(૪) શાસ્ત્રી કક્ષામાં આવતા પેપર નંબર–૨માં અનિવાર્ય અંગ્રેજી કમ્પ્યુટર વિષયમાં પહેલા અંગ્રેજી ૫૦ માર્કસ તથા કમ્પ્યુટર ૨૦ માર્કસનુ હતું તેમની જગ્યાએ હવેથી અંગ્રેજી અને કમ્પ્યુટર બંને ૩૫–૩૫ માર્કસનાં સમાન કરવામાં આવેલ છે.

(૫) શાસ્ત્રી કક્ષામાં આવતા પેપર નંબર–૩માં વિદ્યાર્થીએ ગુજરાતી અને હિન્દી એમ બે વિષયમાંથી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેતો હતો. નવા અભ્યાસક્રમમાં પેપર નંબર–૩માં વધુ એક વિષય તરીકે અંગ્રેજીને ઉમેરવામાં આવેલ છે જેથી વિદ્યાર્થીએ હવેથી કુલ ત્રણ ગુજરાતી,હિન્દી અને અંગ્રેજીમાંથી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે.

(૬) શાસ્ત્રી કક્ષામાં આવતા પેપર નંબર–૪માં વિદ્યાર્થીએ સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઈતિહાસ અને રાજનીતિ શાસ્ત્ર એમ ચાર વિષયમાંથી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેતો હતો. નવા અભ્યાસક્રમમાં પેપર નંબર–૪માં વધુ એક વિષય તરીકે કમ્પ્યુટર (ITC) ને ઉમેરવામાં આવેલ છે જેથી વિદ્યાર્થીએ હવેથી કુલ પાંચ સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, રાજનીતિ શાસ્ત્ર અને કમ્પ્યુટર (ITC) માંથી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(૭) યુનિવર્સિટી દ્વારા પેપર નંબર–૭માં ગૌણ વિષય તરીકે વિવિધ વિષયોનાં પેપરની સાથે ક્રિયાત્મક સંસ્કૃત શિક્ષણ વિષય આપવામાં આવતો હતો જેમાંથી કોઈ એક વિષય વિદ્યાર્થી પેપર નંબર–૭માં પસંદ કરી શકતો હતો. ચાલુ વર્ષે નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ને ધ્યાને લઈ ગુજરાત રાજયનાં માન.રાજયપાલશ્રી તથા શિક્ષણ વિભાગ તરફથી NCC વિષયને ગૌણ વિષય તરીકે વિદ્યાર્થી રાખી શકશે તેમ જણાવેલ હોય યુનિવર્સિટી દ્વારા NCC વિષયને પેપર નંબર–૭માં ગૌણ વિષય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જો કોઈ મહાવિદ્યાલયમાં વિદ્યાર્થી NCC વિષયને ગૌણમાં રાખવા માંગતો હોય તો આ અંગેની વધુ માહિતી અત્રેની યુનિવર્સિટીનાં શારીરિક શિક્ષણ અધ્યાપકશ્રી ડૉ.જયેશ મુંગરા પાસેથી મેળવી શકશે. વિશેષમાં NCC વિષય શાસ્ત્રી કક્ષાનાં વિદ્યાર્થીઓ જ રાખી શકે છે જેમાં શાસ્ત્રી પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ ક્રમશઃ ત્રણ વર્ષ NCC નો અભ્યાસ કરે છે. NCC વિષયનું ઓછામાં ઓછું યુનિટ ૫૦ વિદ્યાર્થીઓનું હોય છે.

(૮) શાસ્ત્રી કક્ષાનાં અભ્યાસક્રમમાં નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ને ધ્યાને લઈ ચાલુ વર્ષથી પ્રોજેકટ કાર્ય નવા અભ્યાસક્રમની સાથે લાગુ કરવાનું નકકી કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ કાર્ય નીચેની વિગતોએ કરવાનું રહેશે.

(૮.૧) પ્રોજેકટ કાર્ય શાસ્ત્રી કક્ષાનાં સેમેસ્ટર–૨,૪ અને ૬માં વિદ્યાર્થીએ કરવાનું રહેશે. પ્રોજેકટ કાર્ય વિદ્યાર્થીઓની શાસ્ત્રી કક્ષાની સેમેસ્ટર ૨–૪ અને ૬ ની પરીક્ષા સમયે કોલેજ/મહાવિદ્યાલયે પરીક્ષાની ઉત્તરવહી સાથે સીલબંધ કવરમાં યુનિવર્સિટીને મોકલી આપવાનું રહેશે.

(૮.૨) પ્રોજેકટનો વિષય દરેક વિદ્યાર્થીઓને અલગ–અલગ તેમનાં વિષય/શાસ્ત્ર મુજબ અધ્યાપકશ્રીઓએ આપવાનો રહેશે અને તે પ્રોજેકટ કાર્ય વિદ્યાર્થીએ પૂર્ણ કરી પોતાનાં અધ્યાપકશ્રીને જમા કરાવવાનું રહેશે. અધ્યાપકશ્રી આવેલ પ્રોજેકટ કાર્ય પ્રધાનાચાર્યશ્રીને જમા કરાવશે.

(૮.૩) અધ્યાપકશ્રી પાસે આવેલ પ્રોજેકટ કાર્યની ઉત્તરવહી પર જે તે વર્ષની ૨–૪ અને ૬ સેમેસ્ટરની પરીક્ષામાં વિદ્યાર્થીને જે સીટ નંબર આપવામાં આવેલ હશે તે સીટ નંબર વિદ્યાર્થી પાસે પ્રધાનાચાર્યશ્રીએ લખાવવાનો રહેશે અને પ્રોજેકટ કાર્યની ઉત્તરવહી પર અત્રેથી આપેલ ખાખી સ્ટીકર લગાવી સેમેસ્ટર ૨–૪ અને ૬ની ઉત્તરવહી જયારે યુનિવર્સિટીમાં જમા કરવા માટે મોકલવામાં આવે ત્યારે તેમની સાથે યુનિવર્સિટી મોકલી આપવાની રહેશે.

(૮.૪) પ્રોજેકટ કાર્યની ઉત્તરવહી લખવાનું માધ્યમ ભાષા સરલ–માનક–સંસ્કૃત રહેશે.

(૮.૫) પ્રોજકટ કાર્ય વિદ્યાર્થીએ પોતાના સ્વહસ્તાક્ષરમાં કરવાનું રહેશે.

(૮.૬) એક પ્રોજેકટ કાર્ય ૨ ક્રેડીટ અને ૫૦ માર્કસનું રહેશે. આમ શાસ્ત્રી કક્ષામાં કુલ ૬ ક્રેડીટ અને ૧૫૦ ગુણ રહેશે. પ્રોજેકટ કાર્યનાં ક્રેડીટ તથા ગુણ વિદ્યાર્થીની જે તે સેમેસ્ટરની માર્કશીટમાં દર્શાવવા આવશે. તેમજ તે ગુણને અંતિમ સેમેસ્ટરનાં કુલ ગુણમાં સમાવેશ કરી ટકાવારીમાં ગણવાનાં રહેશે.

(૮.૭) વિદ્યાર્થીએ એક પ્રોજેકટ કાર્ય ૩૦ થી ૪૫ પેઈઝમાં લખવાનું રહેશે.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ

(૮.૮) પોજેકટ કાર્યનું મૂલ્યાંકન જે તે સંકાયમાં આવતા વિષય મુજબ જે તે વિષયના અધ્યાપકશ્રીઓ પાસે કરાવવાનું રહેશે.

(૮.૯) પ્રોજેકટ કાર્યની એકરૂપતા, ગોપનીયતા જાળવવા માટે યુનિવર્સિટી દ્વારા પ્રોજેકટ કાર્ય લખવા માટેની ૫૦ પેઈઝની પુસ્તિકા મહાવિદ્યાલય/કોલેજને જે તે સેમેસ્ટરની સંખ્યાને ધ્યાને લઈ અત્રેથી મોકલી આપવામાં આવશે.

ઉપરોકત વિગતે ચાલુ વર્ષથી અમલમાં આવેલ અભ્યાસક્રમને મહાવિદ્યાલય/કોલેજે અમલમાં મૂકી તમામ અધ્યાપકશ્રી/વિદ્યાર્થીને જાણ કરવાની રહેશે. આ સાથે શાસ્ત્રી પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસક્રમ મોકલી આપવામાં આવે છે.

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨થી નવા અભ્યાસક્રમ અંગેની જરૂરી સુચના

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા આગામી જૂન–૨૦૨૧થી શાસ્ત્રી/આચાર્ય કક્ષાનો અભ્યાસક્રમ રીવાઈઝ કરી અમલમાં મુકવાનું નકકી કરવામાં આવેલ છે. આ બાબતને તા.૧૫/૦૭/૨૦૨૧ની એકેડેમીક કાઉન્સિલ તથા તા.૧૯/૦૭/૨૦૨૧ની એકઝીકયુટીવ કાઉન્સિલની બેઠકમાં બહાલી મળેલ છે.

કેન્દ્ર સરકારશ્રીની નવી શિક્ષણ નીતિને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી સાથેની ડીનશ્રીઓની બેઠકમાં નકકી થયા મુજબ શાસ્ત્રી /આચાર્ય કક્ષામાં નીચે મુજબનાં ફેરફારો કરવામાં આવેલ છે. જે મુજબ દરેક મહાવિદ્યાલય/કોલેજે વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવાનું રહેશે.

### – : આચાર્ય કક્ષા :–

(૧) ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૧–૨૨થી ફકત આચાર્ય પ્રથમ વર્ષમાં (જુન–૨૧) થી પ્રથમ સેમેસ્ટરથી જ નવા અભ્યાસક્રમનું અધ્યયન કરાવવાનું રહેશે. આચાર્ય દ્વિતીય વર્ષમાં અગાઉ જે ૨૦૧૭માં અમલમાં મૂકવામાં આવેલ અભ્યાસક્રમ છે, તેમનું અધ્યયન કરાવવાનું રહેશે. નવો અભ્યાસક્રમ ક્રમશઃ અમલમાં આવશે.

(૨) આચાર્ય કક્ષામાં ગત વર્ષોની જેમ કુલ ૫(પાંચ) પેપર જ રાખવામાં આવેલ છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

(૩) આચાર્ય કક્ષામાં આવતા અનિવાર્ય પેપર–૧માં સેમેસ્ટર ૧ થી ૪માં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી, તે યથાવત રાખેલ છે.

(૪) આચાર્ય કક્ષાનાં અભ્યાસક્રમમાં નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ને ધ્યાને લઈ ચાલુ વર્ષથી પ્રોજેકટ કાર્ય નવા અભ્યાસક્રમની સાથે લાગુ કરવાનું નકકી કરવામાં આવેલ છે. આ પ્રોજેકટ કાર્ય નીચેની વિગતોએ કરવાનું રહેશે.

(૪.૧) પ્રોજેકટ કાર્ય આચાર્ય કક્ષાનાં સેમેસ્ટર–૨ અને ૪ માં વિદ્યાર્થીએ કરવાનું રહેશે. પ્રોજેકટ કાર્ય વિદ્યાર્થીઓની આચાર્ય કક્ષાની સેમેસ્ટર ૨ અને ૪ ની પરીક્ષા સમયે કોલેજ/મહાવિદ્યાલયે પરીક્ષાની ઉત્તરવહી સાથે સીલબંધ કવરમાં યુનિવર્સિટીને મોકલી આપવાનું રહેશે.

(૪.૨) પ્રોજેકટનો વિષય દરેક વિદ્યાર્થીઓને અલગ–અલગ તેમનાં વિષય/શાસ્ત્ર મુજબ અધ્યાપકશ્રીઓએ આપવાનો રહેશે અને તે પ્રોજેકટ કાર્ય વિદ્યાર્થીએ પૂર્ણ કરી પોતાનાં અધ્યાપકશ્રીને જમા કરાવવાનું રહેશે. અધ્યાપકશ્રી આવેલ પ્રોજેકટ કાર્ય પ્રધાનાચાર્યશ્રીને જમા કરાવશે.

(૪.૩) અધ્યાપકશ્રી પાસે આવેલ પ્રોજેકટ કાર્યની ઉત્તરવહી પર જે તે વર્ષની ૨ અને ૪ સેમેસ્ટરની પરીક્ષામાં વિદ્યાર્થીને જે સીટ નંબર આપવામાં આવેલ હશે તે સીટ નંબર વિદ્યાર્થી પાસે પ્રધાનાચાર્યશ્રીએ લખાવવાનો રહેશે અને પ્રોજેકટ કાર્યની ઉત્તરવહી પર અત્રેથી આપેલ ખાખી સ્ટીકર લગાવી સેમેસ્ટર ૨ અને ૪ની ઉત્તરવહી જયારે યુનિવર્સિટીમાં જમા કરવા માટે મોકલવામાં આવે ત્યારે તેમની સાથે યુનિવર્સિટી મોકલી આપવાની રહેશે.

સંસ્કૃત યુનિ... વેરાવળ

(૪.૪) પ્રોજેકટ કાર્યની ઉત્તરવહી લખવાનું માધ્યમ ભાષા સરલ–માનક–સંસ્કૃત રહેશે.

(૪.૫) પ્રોજેકટ કાર્ય વિદ્યાર્થીએ પોતાનાં સ્વહસ્તાક્ષરમાં કરવાનું રહેશે.

(૪.૬) એક પ્રોજેકટ કાર્ય ૨ ક્રેડીટ અને ૫૦ માર્કસનું રહેશે. આમ આચાર્ય કક્ષામાં કુલ ૪ ક્રેડીટ અને ૧૦૦ ગુણ રહેશે. પ્રોજેકટ કાર્યનાં ક્રેડીટ તથા ગુણ વિદ્યાર્થીની જે તે સેમેસ્ટરની માર્કશીટમાં દર્શાવવા આવશે. તેમજ તે ગુણને અંતિમ સેમેસ્ટરનાં કુલ ગુણમાં સમાવેશ કરી ટકાવારીમાં ગણવાનાં રહેશે.

(૪.૭) વિદ્યાર્થીએ એક પ્રોજેકટ કાર્ય ૩૦ થી ૪૫ પેઈઝમાં લખવાનું રહેશે.

(૪.૮) પોજેકટ કાર્યનું મૂલ્યાંકન જે તે સંકાયમાં આવતા વિષય મુજબ જે તે વિષયના અધ્યાપકશ્રીઓ પાસે કરાવવાનું રહેશે.

(૪.૯) પ્રોજેકટ કાર્યની એકરૂપતા, ગોપનીયતા જાળવવા માટે યુનિવર્સિટી દ્વારા પ્રોજેકટ કાર્ય લખવા માટેની ૫૦ પેઈઝની પુસ્તિકા મહાવિદ્યાલય/કોલેજને જે તે સેમેસ્ટરની સંખ્યાને ધ્યાને લઈ અત્રેથી મોકલી આપવામાં આવશે.

ઉપરોકત વિગતે ચાલુ વર્ષથી અમલમાં આવેલ અભ્યાસક્રમને મહાવિદ્યાલય/કોલેજે અમલમાં મુકી તમામ અધ્યાપકશ્રી/વિદ્યાર્થીને જાણ કરવાની રહેશે. આ સાથે આચાર્ય પ્રથમ વર્ષનાં પ્રથમ સેમેસ્ટરનો અભ્યાસક્રમ મોકલી આપવામાં આવે છે.

(ડો.દશરથ જાદવ)
કુલસચિવ